# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका




वर्ष : ९३

मई २०२१

अंक : ५



## श्री ५ नवतनपुरी धाम, जामनगर

www.krishnapranami.org



महारानी बाईजीराजजीका ३७८ वां प्रकट्य महोत्सव दिनांक २७/०४/२०२१

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૭૭ નિજાનન્દાબ્દ : ૪૩૯ બુદ્ધજી શાકે : ૩૪૨

વર્ષ ૯૩ **મે ૨૦૨૧** અંક : ૦૫

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર જામનગર - ૩૬૧ 001 (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ
સ્વામી લક્ષ્મણદેવજી મહારાજ

સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર
જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત)

ફોન : (૦૨૮૮)૨૬૭૨૮૨૯ મો : ૮૫૧૧૨૨૬૬૦૦

**E-mail : patrika@krishnapranami.org, navtanpuri@gmail.com**
**Website : www.krishnapranami.org / patrika**

# છત્રસાલ જયંતી

જેઠ સુદ ત્રીજના રોજ મહારાજા છત્રસાલજીની જન્મ જયંતી હોય છે. આ વર્ષે આ પાવન દિવસ ૧૩ જૂન ૨૦૨૧ ના રોજ આવે છે. શ્રી કૃષ્ણ પ્રણામી સમાજમાં શ્રી છત્રસાલ જયંતી ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી ઉજવવામાં આવે છે. શ્રી છત્રસાલજી રાજા હોવા છતાં મહામતિ શ્રી પ્રાણનાથજી પ્રત્યે સમર્પિત હતા. તેમના મનમાં અહંકારનું સ્થાન લેશમાત્ર પણ ન હતું. તેઓ સદૈવ મહામતિની તથા ધર્મની સેવામાં સમર્પિત હતા. છત્રસાલ જયંતી વાસ્તવમાં સમર્પણનો દિવસ છે. આપણા હૃદયમાં પણ આવી સમર્પણની ભાવના પ્રગટ થાય તો આપણું જીવન ધન્ય બનશે.

મહારાજા છત્રસાલજીની ૩૭૧ મી જયંતી ના અવસર પર તેઓને કોટિશઃ પ્રણામ ॥

- આચાર્યશ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

# શ્રી પ્રાણનાથ વાણી

(રાગ શ્રી)

**દુખ રે પ્યારો મેરે પ્રાનકો ।**
**સો મૈં છોડ્યો ક્યોં કર જાએ, જો મૈં લિયો હૈ બુલાએ ॥૧॥ ટેક**

સંસારનાં દુઃખો મને પ્રાણથી પણ પ્યારા લાગે છે. તેમને હું કેવી રીતે છોડી શકું ? આ દુઃખોને તો મેં જ બોલાવ્યાં છે.

**ઈન અવસર દુખ પાઈએ, ઔર કહા ચાહિએત હૈ તોહે ।**
**દુખ બિના ચરનકમલકો, સખી કબહૂં ન મિલિયા કોએ ॥ ૨**

જો આ જીવનમાં (ધામધણીની સ્મૃતિ આપતાં) દુઃખો પ્રાપ્ત થઈ જાય તો પછી તારે એના સિવાય બીજું શું જોઈએ ? હે સખી ! દુઃખનો અનુભવ કર્યા વગર કોઈનેય ધામધણીનાં ચરણ કમળ પ્રાપ્ત થતાં નથી.

**જિન સુખ પીઉજી ના મિલે, સો સુખ દેઊં રે જલાએ ।**
**જિન દુખ મેરા પીઉ મિલે, મૈં સો દુખ લેઊં બુલાએ ॥ ૩**

સંસારનાં જે સુખો ભોગવવાથી ધામધણીનું મિલન ના થઈ શકે તે બધાં માયાવી સુખોને હું બાળી નાખું. પરંતુ જે સાંસારિક દુઃખોને સહન કરતાં મારા પ્રિયતમનું મિલન થઈ શકે તેવાં બધાં દુઃખોને હું બોલાવીને તેમને સ્વીકારી લઉં.

**દુખ તો હમારો આહાર હૈ, ઔરન કો દુખ ખાએ ।**
**દુખકે ભાગે સબ ફિરે, કોઈ બિરલા સાધ નિબાહે ॥ ૪**

આવાં દુઃખો તો અમારા આત્માના આહાર જેવાં છે, જ્યારે અન્ય લોકો માટે આવાં દુઃખો ખાઈ જનારા હોય છે. તેથી આવાં સાંસારિક દુઃખોથી બધા લોકો ભાગતા ફરે છે. કોઈ વિરલો સાધુ પુરુષ જ આ દુઃખોને સહન કરી શકે છે.

**દુખકો નિબાહૂ ના મિલે, ઔર સુખકો તો સબ બ્રહ્માંડ ।**
**ઈન ઝૂઠે દુખથેં ભાગ કે, ખોવત સુખ અખંડ ॥૫**

દુ:ખને ખમી ખાનારા(નભાવી લેનારા) સંસારમાં નથી મળતા અને સુખોનું તો આખું બ્રહ્માંડ ચાહક છે. પરંતુ આવા અલ્પજ્ઞ લોકો આ જૂઠાં દુ:ખોથી દૂર ભાગીને અખંડ સુખો તરફ દોડે છે.

**દુખકી પ્યારી પ્યારી પીઉકી, તુમ પૂછો વેદ પુરાન ।**
**એ દુખ મોહીકો ભલા, જો દેત હૈં અપની જાન ॥૬**

આ સંસારનાં સ્વાર્થમય સુખોને છોડીને તેના દ્વારા ઉત્પન્ન થનારાં દુ:ખોનું પ્રેમથી સ્વાગત કરનારી બ્રહ્મસૃષ્ટિ પોતાના પ્રિયતમને પ્યારી છે. વેદ, પુરાણ અને ધર્મગ્રંથો પણ એના સાક્ષી છે. તેથી સંસારનાં આ દુ:ખો મને પ્રિય લાગે છે કારણે કે પ્રિયતમ ધણી મને પોતાની જાણીને આ દુ:ખો આપે છે.

**તા કારન દુખ દેત હૈં, દુખ બિના નીંદ ન જાએ ।**
**જિન અવસર મેરા પીઉ મિલે, સો અવસર નીંદ ગમાએ ॥૭**

તેથી પ્રિયતમ ધણી પોતાના પ્રિય આત્માઓને દુ:ખ આપે છે, કારણ કે સાંસારિક દુ:ખોનો અનુભવ કર્યા વિના અજ્ઞાનરૂપી નિદ્રા દૂર થતી નથી. જે દુ:ખો દ્વારા આ જીવનમાં પ્રિયતમનું મિલન થાય છે, તેવા અવસરને આપણે અજ્ઞાનતાને કારણે ગુમાવી દઈએ છીએ.

**નીંદ બુરી યા ભરમ કી, ભરમ તો ભઈ આડી પાલ ।**
**વહ સુખ દેત જલાએ કે, જો આડી ભઈ અપને લાલ ॥૮**

અજ્ઞાનરૂપી ભ્રમની નિદ્રા બહુ ખરાબ છે. કારણકે તે નિદ્રા ધણીને પ્રાપ્ત કરવામાં બાધારૂપ બની છે. એ ભ્રાંતિ(નિદ્રા) પ્રિય મિલનને માટે બાધક સિદ્ધ થાય તેને વિરહનું દુ:ખ બાળીને રાખ કરી દે છે.

**નીંદ નિગોડી ના ઉડી, જો ગઈ જીવકો ખાએ ।**
**રાત દિન અગની જલે, તબ જાએ નીંદ ઉડાએ ॥૯**

આ ભૂંડી(નિગોડી) નિદ્રા ટળતી નથી. તે તો જીવ(સમગ્ર જીવન)ને ગળી રહી છે(આખું જીવન આ નિદ્રામાં વ્યર્થ વીતી જાય છે). જ્યારે રાત દિવસ વિરહનો અગ્નિ ભભૂકશે ત્યારે આ નિદ્રા ઊડી જશે.

**ઈન સુપને કે દુખસે જિન ડરો, દુખ બદલે સત સુખ ।**
**અપને માસૂકસોં નેહડા, તોકોં દેયગો બનાએકે દુખ ।।૧૦**

આથી આ સપ્નવત્ સંસારનાં જૂઠાં દુઃખોથી ડરો નહિ, કારણ કે આ દુઃખો દ્વારા ધામધણીનાં અખંડ સુખ પ્રાપ્ત થશે. પોતાના ધણીનો અખંડ પ્રેમ તમને દુઃખના માધ્યમથી જ પ્રાપ્ત થશે.

**તા સુખકો કહા કીજિએ, જો દેખલાએ ધરમરાએ ।**
**મૈં વહ દુખ માંગૂં પીઉપેં, જો પીઉસોં પલ પલ રંગ ચઢાએ ।।૧૧**

સંસારનાં આ માયાવી જૂઠાં સુખોને લઈને શું કરવું ? કેમ કે તે તો ધર્મરાજ(યમલોક)નો માર્ગ બતાવે છે. આથી હું તો પ્રિયતમ પાસે આ પ્રકારનાં દુઃખો માંગુ, જેનાથી પ્રિયતમના પ્રેમમાં પળેપળ વૃદ્ધિ થતી રહે.

**દુખ સબ સુપનો હોએ ગયો, અખંડ સુખ ભોર ભયો ।**
**મહામત ખેલેં અપને લાલસોં, જો અક્ષરાતીત કહ્યો ।।૧૨**

હવે તો બધાંય દુઃખો સ્વપ્નની જેમ મટી ગયાં છે. અખંડ સુખના પ્રભાતનો ઉદય થયો છે. તેથી મહામતિ પોતાના ધામધણી (લાલ) અક્ષરાતીત સાથે લીલા - વિલાસ કરે છે.

**- શ્રી કિરંતન ગ્રંથ (પ્રકરણ ૧૬)**

---

**પત્રિકાની** ફરિયાદ તથા **સૂચના :** વાર્ષિક લવાજમ ભરેલા સુંદરસાથજીને ખાસ જણાવવાનું છે કે, જો આપનું સરનામું ''Renew'' થી શરૂ થતું હોય તો ત્રણ માસની અંદર લવાજમ આપના ગામના પિનકોડ નંબર(જો પિનકોડની ખબર ન હોય તો પોષ્ટ ઓફિસમાં જઈને પૂછપરછ કરી લેશો) અને ગ્રાહક નંબર તથા ફોન નંબર સાથે શ્રી ૫ નવતનપુરી ધામની ઓફિસમાં મોકલી આપવા વિનંતિ. **પત્રિકા અંગે કોઈ પણ પૂછપરછ માટે** ગ્રાહક નંબર (PGY, PGL, PHY, PHL, PFL) સાથે આપવા વિનંતી. **સંપર્ક - કુણાલ વ્યાસ મો. 9374122228, 8511226600**

# બેહદ વાણી

## અનંતશ્રી વિભૂષિત જગદ્ગુરુ આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ

હદનો સામાન્ય અર્થ થાય છે સીમા. જે હદથી પર હોય છે તેને બેહદ કહે છે. હદ અને બેહદને બીજા શબ્દોમાં ક્ષર અને અક્ષર પણ કહ્યું છે. અહીં ક્ષરનો અર્થ થાય છે નાશવંત અર્થાત્ ધીમે-ધીમે ક્ષય થવાવાળો, ધીમે-ધીમે પરિવર્તન થવાવાળો. જે કાળની સીમામાં બંધાયેલો હશે તે ક્ષયશીલ અને ક્ષરણશીલ હશે. જે ક્ષરણશીલ હશે નહીં તે અક્ષર અર્થાત્ અપરિવર્તનશીલ, અવિનાશી અખંડ કહેવાશે. આ રીતે ક્ષર અથવા હદ પરિવર્તનશીલ અને અક્ષર અથવા બેહદ અપરિવર્તનશીલ શાશ્વત. આ દૃશ્યમાન જગત પરિવર્તનશીલ છે. આ સંપૂર્ણ બ્રહ્માંડ જ પરિવર્તનશીલ છે. બ્રહ્માંડની અન્તર્ગત ચૌદલોક, અષ્ટ આવરણ, જ્યોતિ સ્વરૂપ, ગાયત્રી, શૂન્ય, નિરાકાર, મહાશૂન્ય વગેરે આવી જાય છે. આ સંપૂર્ણ બ્રહ્માંડને હદ કે ક્ષર કહેવામાં આવ્યો જે નિરંતર પરિવર્તનશીલ છે અને મહાપ્રલયમાં પૂર્ણ રૂપે નાશ પામે છે. શૂન્યમંડળમાં આવા અનંત બ્રહ્માંડ છે જે અક્ષર બ્રહ્મના નેત્ર ભ્રમણ માત્રથી ઉત્પન્ન થાય છે, થોડી વાર ટકે છે અને પછી લય થઈ જાય છે. આ બધા બ્રહ્માંડોને ક્ષર અથવા હદ કહેવામાં આવે છે. આ હદ બ્રહ્માંડોની અન્તર્ગતનું જ્ઞાન હદનું જ્ઞાન છે અને એવા હદનું જ્ઞાન દર્શાવનાર વાણી હદની વાણી હોય છે. એનાથી જુદું પરિવર્તનશીલ બ્રહ્માંડથી આગળ અપરિવર્તનશીલ અથવા અવિનાશી ભૂમિકાનું જ્ઞાન સમજાવવાવાળી વાણી બેહદવાણી કહેવાય છે.

શાસ્ત્રોમાં બે પ્રકારની વિદ્યાનું પ્રતિપાદન થયું છે. એમાં એક વિદ્યા છે અપરા અને બીજી વિદ્યા છે પરા. ક્ષર જગતની વિદ્યા અપરા વિદ્યા છે અને ક્ષર જગતથી પરની વિદ્યા પરાવિદ્યા છે. વાસ્તવમાં ક્ષર જગતના જ્ઞાનને વિદ્યા નહીં પરંતુ અવિદ્યા કહેવામાં આવે છે. તો પણ ક્ષર જગતનું

જ્ઞાન પણ વિશાળ હોવાથી તેને પણ વિદ્યાનું નામ આપી અપરાવિદ્યા અથવા અપરા જ્ઞાન કહ્યું છે. તેની આગળ અવિનાશી ભૂમિકાનું જ્ઞાન છે પરાવિદ્યા અથવા પરાજ્ઞાન. આ પરા વિદ્યાને મહામતિએ બેહદવાણી કહી છે. અવિનાશી ભૂમિકા તથા અવિનાશી ભૂમિકામાં થવાવાળી લીલાઓનું પ્રતિપાદન અથવા અભિવ્યક્તિ કરવાવાળી વાણી બેહદવાણી કહેવામાં આવી છે.

ખરેખર શાસ્ત્રોએ નિર્દેશ આપ્યો છે, **સા વિદ્યા યદ્ અક્ષરમધિગમ્યતે.** વિદ્યા તે છે જેનાથી અવિનાશી ધામ, લીલા અથવા બ્રહ્મને સમજી શકાય છે. નશ્વર જગતમાં રહીને અવિનાશીનું જ્ઞાન થવું કઠણ હોય છે. માયાનો વિસ્તાર પણ મોટો છે એટલા માટે માયાને સમજાવવાળી વિદ્યા અપરા અને માયાથી આગળનું જ્ઞાન દેવાવાળી વિદ્યાને પરાવિદ્યા કહ્યું છે. અવિનાશી ભૂમિકા તો હજુ પણ અધિક વિસ્તૃત છે. તેનો પાર પામી શકાતો નથી. એનાથી પણ આગળ પૂર્ણબ્રહ્મ પરમાત્મા અને તેમના ધામનું જ્ઞાન કરાવવાવાળી વિદ્યાને બ્રહ્મવિદ્યા કહેવામાં આવે છે.

આ રીતે અપરાવિદ્યા, પરાવિદ્યા અને બ્રહ્મવિદ્યા આ ત્રણ પ્રકારે વિદ્યાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

મહામતિએ પરાવિદ્યાને બેહદવાણી કહી છે. આ જગતમાં બેહદના જ્ઞાનનું પ્રચલન ન હતું. બ્રહ્મજ્ઞાનની વાત તો દૂર રહી. થોડાક ગણ્યાગાઠ્યા લોકો બ્રહ્મજ્ઞાનના વિષયમાં રુચિ રાખતા હતા. એટલા માટે શાસ્ત્રોમાં સંકેતમાત્રમાં બ્રહ્મજ્ઞાન આપ્યું છે. પરાજ્ઞાનનું પણ અલ્પમાત્રામાં વિવરણ મળતું હતું. મહામતિએ આ પ્રકરણના દ્વારા પરાજ્ઞાન અથવા પરાવિદ્યાનું પ્રતિપાદન કર્યું છે અને અંતે બ્રહ્મવિદ્યાનો સંકેત કર્યો છે. તે આ રીતે છે,

**હદ પાર બેહદ હૈ, બેહદ પાર અક્ષર ।**
**અક્ષર પાર વતન હૈ, જાગિએ ઈન ઘર ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧૬૫)

બ્રહ્મવિદ્યાથી આત્મામાં જાગૃતિ આવી જાય છે જેથી માયામાં રહેવા છતાં પણ માયાથી પર પરમાત્માના ધામ, લીલા, સ્વરૂપ વગેરેનું જ્ઞાન થઈ જાય છે. મહામતિએ તારતમ જ્ઞાનને બ્રહ્મજ્ઞાન અથવા બ્રહ્મવિદ્યા કહી છે. એના દ્વારા આત્મામાં જાગૃતિ આવી જાય છે અને બ્રહ્મધામ તથા પૂર્ણબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અપરા, પરા અને બ્રહ્મવિદ્યાની સાચી સમજ તારતમ જ્ઞાનથી પ્રાપ્ત થાય છે.

બેહદ વાણીના પ્રકરણના આરંભમાં પ્રથમ ચોપાઈ દ્વારા મહામતિએ પરા જ્ઞાનના અધિકારીની ચર્ચા કરી છે. જેમ કે,

**બેહદ કે સાથી સુનો, બોલી બેહદ વાણી ।**
**બડે બડે રે હો ગએ, પર કાહુ ન જાની ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧)

નશ્વર જગતનો ખેલ જોવાના ઉદ્દેશ્યથી અવિનાશી ધામથી આવેલા આત્માઓ જ આ પરાજ્ઞાન અર્થાત્ બેહદવાણીને સમજી શકે છે. નહિ તો જગતના ખેલમાં રમવાવાળા જીવોએ ગમે તેટલી સાધના કેમ ન કરી હોય ? તેમને આ જ્ઞાન પ્રાપ્ત થયું ન હતું. આવા ઉચ્ચ કોટિના જીવો માટે પારના દ્વાર ખોલી દેવાનું કાર્ય બ્રહ્માત્માઓએ કર્યું છે. તે જીવ બ્રહ્માત્માઓના સંપર્કમાં રહીને પૂર્ણબ્રહ્મ પરમાત્માની ભક્તિ કરશે તો તેમને પણ અવિનાશી ધામમાં અખંડ મુક્તિ પ્રાપ્ત થશે. જો કે તેઓ પૂર્ણબ્રહ્મ પરમાત્માને બ્રહ્માત્માઓની જેમ પૂર્ણરૂપે ઓળખશે નહીં તો પણ તેમની ભક્તિ કરવાથી અખંડ મુક્તિ મેળવી શકશે. બ્રહ્માત્માઓના આગમનથી તેમના માટે પણ અખંડ ભૂમિકાના દ્વાર ખુલ્યા છે. એટલા માટે કહ્યું છે,

**મુક્તિ દેસી બ્રહ્માંડ કો, આએ બ્રહ્મ આતમા સત ।**

બેહદ વાણીના અધિકારીનો ઉલ્લેખ કરી એનું મહત્ત્વ સમજાવતાં ભગવાન વિષ્ણુ તથા મહાદેવજીનું ઉદાહરણ આપ્યું. મહાદેવજીએ ભગવાન વિષ્ણુને બેહદભૂમિની વાત પૂછી ત્યારે ભગવાન વિષ્ણુએ કહ્યું, સૃષ્ટિના પ્રારંભથી લઈ વિચાર કરીએ તો એવું જાણવા મળે છે કે એવા કરોડો બ્રહ્માંડ

બનીને મટી ગયા પરંતુ આજ સુધી કોઈએ પણ પરા વિદ્યા બેહદવાણીનું ખરું નિરૂપણ કર્યું નથી.

**એ બાત તો શિવજી જાહેર, ઈત હૈં કૈ ભાંત ।**
**ઠૌર ઠૌર કહે વચન, એ જો ભેદ કલ્પાન્ત ॥**
**શુકજી ઔર સનકાદિક, કૈ ઔર ભી સાધ ।**
**તિન ખોજ ખોજ કે યોં કહ્યા, એ તો અગમ અગાધ ॥**

(પ્રકાશ હિ. ૩૧/૭,૮)

અન્ય બ્રહ્માંડોના વિષયમાં ઉત્પન્ન થયેલી મહાદેવજીની જિજ્ઞાસાને શાંત કરતાં ભગવાન વિષ્ણુએ કહ્યું, શાસ્ત્રોમાં અનેક બ્રહ્માંડોની ચર્ચા થઈ છે પરંતુ કલ્પભેદના કારણે શાસ્ત્રોની વર્ણન શૈલીમાં ઉલ્લેખ કરવામાં આવેલા સંકેતોનું ખરું સ્પષ્ટીકરણ ન થવાથી આ રહસ્ય રહસ્ય જ બની રહ્યું. શુકદેવજી, સનકાદિ જેવા અનેક મહાપુરુષોએ અવિનાશી ભૂમિકા કે ત્યાંની લીલાના વિષયમાં જાણવાનો તથા સમજવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમને પણ સફળતા ન મળી. અનેક સાધકોએ ખોજ કરી તો પણ આ રહસ્ય અગમ્ય રહ્યું. લક્ષ્મીજી પણ ભગવાન વિષ્ણુને પૂછે છે કે, આપ કોનું ધ્યાન કરો છો ? એ જાણવા માટે તેમને સાત કલ્પ સુધી કઠોર તપ કર્યું તો પણ તે એ ન જાણી શક્યાં. ભગવાન વિષ્ણુએ તેણીને શ્રી કૃષ્ણ અવતારને સમયે શ્રી કૃષ્ણ રુક્મિણી વિવાહના અવસર પર વ્રજલીલા સાંભળતાં મૂર્છિત થઈને અભિનયના દ્વારા સમજાવ્યું કે તેઓ કૃષ્ણલીલા(વ્રજલીલા)નું ધ્યાન કરે છે. નશ્વર જગતમાં સમ્પન્ન થયેલી વ્રજ તથા રાસલીલાને અક્ષર બ્રહ્મે પોતાના અંતઃકરણમાં અંકિત કરી અખંડ કરી દીધી. આ પ્રકારની લીલા અખંડ ગોલોક ધામમાં નિરંતર થતી રહે છે. ભગવાન વિષ્ણુ તે લીલાનું ધ્યાન ધરે છે. પરંતુ તેઓ લક્ષ્મીજીને આ રહસ્ય સમજાવી શક્યા નહીં. તેઓ ધ્યાનાવસ્થામાં અખંડ લીલાના રસનું આસ્વાદન કરે છે પરંતુ તેને વ્યક્ત કરી શક્તા નહીં.

આવી અખંડ લીલાના રસનું આસ્વાદન વ્રજની ગોપીઓએ સહજતાથી કર્યું, જેમ કે,

**સો રસ વ્રજ કી સુન્દરી, પાયો સુગમ ।**
**સો સેહેજે ઘર આઈયાં, જો કહે વેદ અગમ ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧૧)

વ્રજની ગોપીઓએ જે રસ પ્રાપ્ત કર્યો છે તે તો પરમધામનો છે. તેઓએ પૂર્ણબ્રહ્મની સાથે અખંડલીલા વિહાર કર્યો જેના માટે વેદોએ અગમ, અગોચર, કહ્યું છે. આવા પૂર્ણબ્રહ્મ પરમાત્માની લીલા જે નશ્વર જગતમાં થવા છતાં પણ અખંડ થઈ અને બ્રાહ્મી લીલા કહેવાય છે તેને જાણવા માટે પરાજ્ઞાન અથવા પરાવિદ્યાની જરૂરત હોય છે. બ્રહ્માત્માઓએ પોતાના પ્રાગટ્યની સાથોસાથ આ પરાવિદ્યા તથા બ્રહ્મ વિદ્યાને પ્રગટ કરી છે. આ વિદ્યા નવતનપુરી ધામમાં પ્રગટ થઈ છે એટલા માટે નવતનપુરી ધામ ધન્ય છે.

**નવતન પુરી ભલી પેરે, ચિત્તસોં ચરચાની ।**
**સાથી જો બેહદ કે, તિનહું પેહેચાની ॥**

(પ્રકાશ હિ. ૩૧/૨૦)

નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજે પ્રગટ થઈ સર્વપ્રથમ બેહદનો માર્ગ બતાવ્યો. શ્રીમદ્ભાગવત ગ્રન્થ સમસ્ત વૈદિક વાઙ્મયનું પરિપક્વ ફળની જેમ સાર તત્ત્વ છે. એમાં બેહદની વાત કહી છે. આ ગ્રન્થ આ જગતમાં બ્રહ્માત્માઓના અવતરણની સાક્ષી આપે છે. વ્રજ અને રાસની લીલા બ્રહ્માત્માઓની જ છે. આ લીલાઓનું વર્ણન કરવાવાળો ગ્રન્થ વાસ્તવમાં બ્રહ્માત્માઓ માટે મહત્ત્વપૂર્ણ સાક્ષી ગ્રન્થ છે. એવા અનેક ગ્રન્થ છે. જેમાં બેહદની ચર્ચા કરવામાં આવી છે, પરંતુ તારતમ જ્ઞાનનું અવતરણ થયા પછી એવા ગ્રંથોનું સમગ્ર રહસ્ય સ્પષ્ટ થઈ ગયું છે. હવે આ જ્ઞાનના દ્વારા આપણે પોતાના અંતઃકરણની શુદ્ધિ કરવાની રહેશે. ત્યારે આત્મામાં જાગૃતિ આવશે.

આ પ્રકરણમાં મહામતિએ બેહદ લીલા અર્થાત્ અખંડ લીલાનું રહસ્ય સ્પષ્ટ કર્યું છે. નશ્વર જગતમાં પણ પૂર્ણબ્રહ્મ પરમાત્માએ પોતાના

આત્માઓની સાથે પરમધામ જેવી લીલાઓ કરી છે. તે લીલાઓને વ્રજ, રાસ અને જાગણી લીલા કહી છે. વ્રજ અને રાસની લીલા પછી બ્રહ્માત્માઓ પરમધામમાં જાગૃત થાય છે પરંતુ માયાનો ખેલ જોવાની તેઓની ઈચ્છા હજી પણ પૂર્ણ ન થવાથી તેમને ફરીથી કાલમાયાના બ્રહ્માંડમાં મોકલવામાં આવ્યા. તેમને કાલમાયાના બ્રહ્માંડમાં મોકલતાં જે માર્ગથી અવતરિત કર્યા તેને પ્રતિબિમ્બ વ્રજરાસ લીલા કહી છે. જો કે આ લીલા અસલી વ્રજરાસની લીલાને સમજાવવા માટે વર્ણન કરવામાં આવેલ એક કડી(શ્રૃંખલા) છે જે બ્રહ્માત્માઓના નશ્વર જગતમાં આગમનને અખંડ વ્રજ અને રાસલીલાને સાથે જોડે છે. નશ્વર જગતના આત્માઓને અખંડ લીલા રસના આસ્વાદનનો લાભ મળી શકે નહીં પરંતુ તેઓ પ્રતિબિમ્બ લીલાના રસનું આસ્વાદન કરી અખંડ લીલાનું અનુમાન કરી શકે છે. એના માટે તેમને પ્રતિબિમ્બ લીલાનું આસ્વાદન કરાવ્યું. આ સ્પષ્ટતા પણ મહામતિએ અહીંયાં કરી છે.

નરસિંહ મહેતાએ વ્રજલીલાની સાથોસાથ રાસલીલાના રસનું આસ્વાદન કરવાનો પ્રયત્ન કર્યો. તે આ પ્રતિબિંબ લીલા છે. બ્રહ્મજ્ઞાન તારતમ જ્ઞાનના અભાવમાં અખંડ લીલાનું આસ્વાદન કરવું સંભવ નથી. આ તથ્યને સ્પષ્ટ કરતાં મહામતિએ એક વધુ ઉદાહરણ આપ્યું. શુકદેવજી રાસ લીલાનું વર્ણન કરવા લાગ્યા. તે સમયે રાજા પરીક્ષિતના પ્રશ્નને કારણે તેમનું ધ્યાન તૂટી ગયું. તેઓએ રાસ લીલાનું થોડુંક આસ્વાદન અવશ્ય કર્યું પરંતુ તેઓ પરીક્ષિતને આ સ્વાદ ચખાડી શક્યા નહીં. રાજા પરીક્ષિતને કારણે તેમને પણ આ રસથી વંચિત રહેવું પડ્યું. મહામતિએ એનું સ્પષ્ટીકરણ કરતાં સમજાવ્યું કે વિભિન્ન શાસ્ત્રોમાં આ રીતે બેહદ લીલા અથવા બેહદ જ્ઞાનનું અલ્પ વર્ણન જ થયું છે. આ બધા ગ્રન્થો સાક્ષી ગ્રન્થ છે. સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્મા અથવા તેમની સાથે લીલા કરવાવાળા આત્માઓ જ આ લીલાઓનું સ્પષ્ટ વિવરણ કરી શકે છે. નહિ તો અખંડ લીલાના પાત્ર વિના તેમનું જ્ઞાન બીજા કહી શકે નહીં.

નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજને પૂર્ણબ્રહ્મ પરમાત્માએ દર્શન આપીને આ લીલા દેખાડી અને એનું આસ્વાદન કરાવ્યું. સાથોસાથ સંસારના જીવોને પણ એનું જ્ઞાન કરાવવા માટે તારતમ્ય જ્ઞાનનો ઉપદેશ આપીને સ્વયં તેમના હૃદયમાં બિરાજમાન થયા. આ રીતે સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્માએ જ પોતાની લીલાઓનું પ્રતિપાદન કર્યું છે. શ્રી દેવચંદ્રજી મહારાજ પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણની સાથે મહામતિ શ્રી પ્રાણનાથજીના હૃદયમાં બિરાજમાન થયા અને મહામતિ દ્વારા આ પરાવિદ્યા બેહદવાણી અવતરિત થઈ. શાસ્ત્રોમાં પરાવિદ્યાનું વર્ણન કરતાં બ્રહ્મધામ, બ્રહ્મલીલા અને બ્રહ્મના સ્વરૂપને સમજાવવાવાળી વિદ્યાને પરાવિદ્યામાં પણ બ્રહ્મવિદ્યા કહી છે. અવિનાશી બ્રહ્મ તથા અવિનાશી ધામના વિષયમાં પણ સમજવું જરૂરી હોય છે. **સા વિદ્યા યદક્ષરમધિગમ્યતે** કહીને ઉપનિષદોએ અવિનાશી બ્રહ્મ તથા અવિનાશી ધામનું રહસ્ય સમજાવવાવાળી વિદ્યાને જ સાચા અર્થમાં વિદ્યા કહી છે. નશ્વર જગતનું જ્ઞાન તો વિદ્યા નથી પરંતુ અવિદ્યા છે. નશ્વર બ્રહ્માંડને બનાવવાવાળા પરમાત્માનું જે સ્વરૂપ છે તેને અક્ષર બ્રહ્મ કહે છે. તેઓ બ્રહ્માંડોને બનાવે છે અને મટાડે છે. એટલા માટે શાસ્ત્રોમાં તેમને કાર્યબ્રહ્મ કહ્યા છે. જે રીતે ક્ષર બ્રહ્મ ભગવાન નારાયણ એક હોવા છતાં પણ જુદા જુદા કાર્યોને કારણે બ્રહ્મા, વિષ્ણુ, મહેશના રૂપે વ્યક્ત થાય છે એવી જ રીતે અક્ષર બ્રહ્મના વિષયમાં પણ સમજવું જોઈએ. તેઓ તો ક્ષર બ્રહ્મથી અતિ વિશિષ્ટ છે. તેઓ એવા અનંત ક્ષરપુરુષોને પ્રગટ કરે છે અને લીન કરે છે. તેમનો વિસ્તાર પણ બહુ મોટો છે. પરંતુ શાસ્ત્રોમાં તેનું વર્ણન નહિવત્ છે. અક્ષર બ્રહ્મના વિભિન્ન સ્વરૂપોમાંથી થોડા સ્વરૂપોનું વર્ણન જુદા જુદા રૂપે શાસ્ત્રોમાં કર્યું છે. જેમ કે પ્રણવબ્રહ્મ, ગોલોકીનાથ વગેરે. મુખ્ય રૂપે અક્ષર બ્રહ્મને ચતુષ્પાદ વિભૂતિ કહ્યું છે. એક એક પાદમાં વિભિન્ન સ્વરૂપ છે. આ બધાને સમષ્ટિ રૂપમાં અક્ષર બ્રહ્મ કહ્યા છે. અક્ષર બ્રહ્મ તથા તેમના વિભિન્ન સ્વરૂપ તથા તેમના વિશાળ ક્ષેત્રનું જ્ઞાન કરાવવાવાળી

વિદ્યા પરાવિદ્યા છે. પૂર્ણબ્રહ્મ પરમાત્મા તો તેમનાથી પણ વિશિષ્ટ છે. શાસ્ત્રોએ તેમને અક્ષરથી ઉત્તમ હોવાથી ઉત્તમ પુરુષ, અક્ષરાતીત, પૂર્ણબ્રહ્મ, પરમસત્ય, એક, અદ્વિતીય વગેરે કહીને તેમનું મુખ્ય નામ શ્રી કૃષ્ણ કહ્યું છે. મૂળ તો પૂર્ણ બ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણ છે. તેઓ વિશ્વ બ્રહ્માંડના રાજાઓના પણ રાજા તથા બધાના સ્વામી હોવાથી શ્રી રાજ કહેવાય છે.

જેમ બ્રહ્મનું ક્ષર, અક્ષર અને અક્ષરાતીત સ્વરૂપનું પ્રતિપાદન થયું છે તેમ શ્રી કૃષ્ણનું પણ ક્ષર અક્ષર અને અક્ષરાતીત સ્વરૂપનું પ્રતિપાદન થયું છે. સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત શ્રી કૃષ્ણજીએ પ્રગટ થઈને શ્રી દેવચંદ્રજી મહારાજને આ રહસ્ય સમજાવ્યું અને તેઓ સ્વયં તેમના હૃદયમાં બિરાજમાન થયા. આ કાર્ય સર્વપ્રથમ નવતનપુરી ધામમાં થયું છે. એટલા માટે મહામતિએ એના માટે કહ્યું, આ પરાજ્ઞાન, પરાવિદ્યા, બ્રહ્મવિદ્યા શ્રી તારતમ જ્ઞાન છે તેનું અવતરણ નવતનપુરીમાં થયું છે. જેમકે,

**પેહેલે બીજ ઉદય હુઆ, પુરી જહાં નૌતન ।**
**સબ પુરિયોંમેં ઉત્તમ, હુઈ જો ધન ધન ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧૦૪)

આ રીતે આ નવતનપુરી બધી પુરીઓમાં ઉત્તમ માનવામાં આવી છે. મહામતિ શ્રી પ્રાણનાથજીએ નવતનપુરીનું મહત્ત્વ વારંવાર સમજાવ્યું છે. આ શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની ગંગોત્રી છે. અહીં પૂર્ણબ્રહ્મ પરમાત્માનો વાસ છે. મહામતિ પુનઃ કહે છે,

**એ મધ્યે જે પુરી કહાવે, નૌતન જેહનું નામ ।**
**ઉત્તમ ચૌદે ભવનમાં, જિહાં વાલાનો વિશ્રામ ॥**

આ રીતે બ્રહ્મજ્ઞાનના અવતરણથી આ ભૂમિ ધન્ય થઈ છે. જેમ કે,

**ધન ધન પુરી નૌતન, જહાં લીલા ઉદે હુઈ ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧૩૪)

મહામતિએ તારતમ જ્ઞાનનું મહત્ત્વ સમજાવતાં કહ્યું, એના દ્વારા ક્ષર, અક્ષર અને અક્ષરાતીતનું રહસ્ય સ્પષ્ટ થાય છે. આજ સુધી આ જગતમાં આ રહસ્ય સ્પષ્ટ થયું ન હતું. નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજે તારતમ જ્ઞાનના દ્વારા આ રહસ્યને સ્પષ્ટ કર્યું જેના કારણે આ બ્રહ્માંડ જ ધન્ય થઈ ગયું અને બ્રહ્માત્માઓને માયાનો ખેલ જોતાં જોતાં પરમધામના બ્રહ્માંનદ રસના આસ્વાદનનો લાભ મળ્યો. જેમ કે,

**ધન ધન ધની સાથસોં, ધન ધન તારતમ ।**
**પૂરન પ્રકાશ લ્યાએ કે, સુખ દિએ હમ ॥**

**તારતમ રસ બેહદકા, સબ જાહેર કિયા ।**
**બહુત વિધે સુખ સાથકો, ખેલ દેખતે દિયા ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧૩૫,૧૩૬)

તારતમ જ્ઞાન બ્રહ્મજ્ઞાન છે. એટલા માટે તારતમનો રસ બ્રહ્માનંદ રસ છે. જે એમનું પાન કરશે તેમને માયાના પ્રભાવથી છુટકારો મળશે. નહિ તો માયાનું ઝેર તેની ઉપર ચઢેલું રહેશે. મહામતિએ આ તારતમ જ્ઞાનના રસનું વાણીના દ્વારા પાન કરાવ્યું અને સુંદરસાથને નિર્વિષ બનાવી દીધા. જેમ કે,

**તારતમ રસ બાની કર, પિલાઈએ જાકો ।**
**જેહેર ચઢ્યા હોય જિમીકા, સુખ હોવે તાકો ॥**

**જો જીવ નીંદ છોડે નહીં, પિલાઈએ બાની ।**
**લ્યાએ પીઉ વતનથે, બલ માયા જાની ॥**

**જેહેર ઉતારને સાથકો, લ્યાએ તારતમ ।**
**બેહદકા રસ શ્રવને, પિલાવે હમ ॥**

**એ રસ શ્રવનોં જાકે ઝરે, તાએ કહા કરે જેહેર ।**
**સુપન ના હોવે જાગતે, દેખીતાં બેર ॥**

(પ્રકાશ હિ. ૩૧/૧૩૭-૧૪૦)

અક્ષર અને અક્ષરાતીત અર્થાત્ બેહદ તથા તેની પારનું જ્ઞાન કરાવવાવાળું આ તારતમ જ્ઞાન બેહદવાણી છે એના રસપાનથી માયાનું ઝેર ઉતરે છે અને આત્માને સ્વયંનું જ્ઞાન તથા અનુભવ થાય છે. આ જ આત્મ જાગૃતિ છે. આત્મા જાગૃત થવાથી પરમધામ તથા પૂર્ણબ્રહ્મનું પણ જ્ઞાન તથા અનુભવ કરી શકે છે. એવી અનુભૂતિની મહત્તા બેહદવાણીમાં સમજાવવામાં આવી છે.

વિશ્વના વિભિન્ન ધર્મગ્રન્થોમાં આત્મા, પરમાત્મા તથા પરમાત્માના ધામનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ પ્રતિપાદન શૈલીના અંતરને કારણે તેમાં એકરૂપતા નથી. આવા બધા ગ્રન્થોનું તારતમ્ય સમજવું અતિ જરૂરી હોય છે. આ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે પરંતુ દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે પ્રતિપાદન શૈલીમાં વિવિધતા આવી છે. આ વિવિધતાઓને દૂર કરી એના એકત્વ ભાવનું પ્રતિપાદન જ એનું તારતમ્ય છે. એને જ તારતમ્ય જ્ઞાન કહ્યું છે. નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજ તથા મહામતિ શ્રી પ્રાણનાથજીએ એકત્વનું પ્રતિપાદન કર્યું છે. સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્માએ દર્શન તથા ઉપદેશ પ્રદાન કરી સર્વપ્રથમ એકત્વનો બોધ કરાવ્યો. પૂર્ણબ્રહ્મ પરમાત્મા દ્વારા કરાવવામાં આવેલો આ બોધ નિજાનંદાચાર્ય શ્રી દેવચંદ્રજી મહારાજ તથા મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા આ જગતને મળ્યો છે. એટલા માટે સામાન્ય જન સમજે છે કે તારતમ્ય જ્ઞાન તો શ્રી કૃષ્ણ પ્રણામી સમ્પ્રદાયનું જ્ઞાન છે. વાસ્તવમાં તારતમ્ય જ્ઞાન પૂર્ણબ્રહ્મ પરમાત્મા દ્વારા પ્રદત્ત જ્ઞાન છે. તેને પ્રગટ કરી પ્રચારિત કરવાનું શ્રેય શ્રી કૃષ્ણ પ્રણામી સમ્પ્રદાયને પ્રાપ્ત થયું છે. આ જ્ઞાન સમગ્ર વિશ્વને અખંડ સુખ પ્રદાન કરવા માટે પ્રગટ થયું છે.

# મહામતિ શ્રી પ્રાણનાથજીનું યોગદાન

## બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજ

મહામતિ શ્રી પ્રાણનાથજીની ધર્મયાત્રાથી આપણને એ જાણવાનું મળે છે કે એક બાજુ ભારતમાં હિંદુ પ્રજા તરફ થઈ રહેલા અત્યાચારને દૂર કરી શાંતિની સ્થાપના કરવા માગતા હતા, તો બીજી તરફ તેમનો સંદેશ હતો કે પ્રત્યેક ધર્મ-સમ્પ્રદાય તથા મત-મતાન્તરના અનુયાયી પોતાના આચાર્યો તથા ગુરુજનોના માનવતાવાદી તેમજ પરમતત્ત્વ સંબંધી દૃષ્ટિકોણને ઓળખીને તેને અનુરૂપ આચરણ કરવા લાગી જાય, જેથી ધર્મના નામ પર પ્રચલિત મતભેદ દ્વારા ઉત્પન્ન અશાંતિનું નિવારણ થઈ શકે તેમજ પ્રેમ, મૈત્રીભાવ જેવાં સદ્‌ગુણોનો સ્વીકાર કરીને સાધારણ મનુષ્ય પણ શાંતિમય જીવન યાપન કરતાં કરતાં પરમતત્ત્વનો અનુભવ કરી શકે. તેમણે આપેલા સંદેશાઓ આ પ્રમાણે છે.

**૧. વિશ્વ માનવતા :** તેમના મત અનુસાર બધા માનવોએ આ સમજી લેવું જોઈએ કે આત્મા અવિનાશી હોવાથી બધી જ ચેતનાઓનો સંબંધ પરમાત્મા સાથે છે એટલા માટે બધી ચેતનાઓની જાતિ પરમાત્માની છે અને બધા પંચ ભૌતિક શરીરોની જાતિ નશ્વરતા(જગત)ની છે. તેઓ કહે છે,

**જાત એક ખસમ કી, ઔર ન કોઈ જાત ।**
**એક ખસમ એક દુનિયાં, ઔર ઉડ ગઈ દૂજી બાત ॥**

સનંધ ૩૬/૧૭

પ્રત્યેક પ્રાણીમાં પંચભૌતિક શરીર તેમજ ચેતના છે. ચેતનાની જાતિ પરમાત્માની છે અને શરીરની જાતિ નશ્વર જગતની છે. પછી શરીરધારીઓમાં પણ ઉચ્ચ કહેવડાવવાવાળા મનુષ્યમાં પરસ્પર શત્રુતા શા માટે ?

જો કે તે સમયે ભારતમાં હિંદુ તથા મુસ્લિમ મતના અનુયાયી જ હતા છતાં મહામતિ શ્રી પ્રાણનાથજીનો સંદેશ વિશ્વ માનવ માટે હતો. તે સમયે ધર્મના નામ પર હિંદુ ધર્માવલંબિયો પર અત્યાચાર થતા હતા.

હિંદુઓમાં પણ બ્રાહ્મણ વર્ગ પોતાને ઉત્તમ માનતા હતા, મુસ્લિમ વર્ગ તો પોતાને પવિત્ર માનીને અલ્લાહને ન માનવાવાળાને કાફિર કહી તેમના પર અત્યાચાર કરવો પોતાનો ધર્મ સમજતા હતા. આવી પરિસ્થિતિમાં બંને સમુદાયોને સમજાવતાં મહામતિએ કહ્યું, તમે પોતાને શ્રેષ્ઠ માનો છો પરંતુ પોતે શું કરી રહ્યા છો, તેના ઉપર ક્યારેય વિચાર કર્યો છે ? માનવ માત્રની શારીરિક સંરચના એક જ પ્રકારની છે તેમજ સર્વેમાં રહેલું ચૈતન્ય પણ એક જ પરમાત્માનો અંશ છે એટલા માટે પરસ્પર ઝઘડો કરવાની જરૂરત નથી. જે પંચભૌતિક દેહને હિંદુ અથવા મુસ્લિમ સમજીને તેને ઉત્તમ અથવા પવિત્ર માનીને ઝઘડી રહ્યા છો તે તો નાશવાન છે. તેને બાળી નાખો અથવા જમીનમાં દાટી દો તે માટી જ બની જશે. તેમણે કહ્યું,

**બ્રાહ્મણ કહે હમ ઉત્તમ, મુસલમાન કહે હમ પાક ।**
**દોઊ મુઠ્ઠી એક ઠૌર કી, એક રાખ દૂજી ખાક ॥**

(સનંધ ૪૦/૪૨)

(બ્રાહ્મણ કહેતા હોય છે અમે ઉત્તમ છીએ. મુસ્લિમ કહેતા હોય છે અમે પવિત્ર છીએ. ખરી રીતે આ કથન શરીરને માટે જ છે. બંને શરીરનું ઉદ્‌ગમ સ્થાન એક જ છે તેમજ મૃત્યુ પશ્ચાત્ પણ બંનેને માટીમાં જ એકરૂપ થઈ જવું પડશે.)

વેદ તથા કતેબ બંને પ્રકારના ગ્રંથોમાં આજ વાતની પુષ્ટિ છે,

**દોઊ કહે વજૂદ એક હૈ, અરવા સબમેં એક ।**
**વેદ કતેબ એક બતાવહીં, પર પાવે ન કોઈ વિવેક ॥**

(ખુલાસા ૧૨/૪૧)

(વેદ તથા કતેબ બંને ગ્રંથો શરીરની સમાનતા(નશ્વરતા) તેમજ આત્માની સમાનતા(અખંડતા)ની વાત કરે છે. પરંતુ તે ગ્રંથોને માનવાવાળા પરસ્પર વિવેકપૂર્વક વિચાર નથી કરી રહ્યા.)

આ પ્રમાણે તેમણે વિશ્વમાનવતાને સંદેશ આપ્યો કે આ સંપૂર્ણ

ભેદભાવ માત્ર વિચારોનો છે. આ વિચારોને યોગ્ય દિશા આપવામાં આવે તો વિશ્વમાં સંઘર્ષ દૂર થઈ શકશે.

**૨. વિશ્વધર્મ :** ધર્મના નામ પર ઝઘડા એટલા માટે થતા હોય છે કે લોકો પરમતત્ત્વને ભિન્ન-ભિન્ન નામોથી પોકારતા હોય છે. આ પ્રમાણે વિભિન્ન મત-મતાંતરના લોકોએ પોતાની વેશ-ભૂષાઓ પણ ભિન્ન-ભિન્ન પ્રકારની બનાવેલી છે. પરંતુ તેઓ બધા એ વાતને સમજી નથી શકતા કે બધાના પરમાત્મા એક જ છે. આના સંદર્ભમાં મહામતિનું કહેવું છે,

**જુદે જુદે નામેં ગાવહી, જુદે જુદે ભેષ અનેક ।**
**જિન કોઈ ઝઘડો આપ મેં, ધની સબોંકા એક ॥**

(સનંધ ૪૧/૭૨)

(લોકો એક જ પરમતત્ત્વને ભિન્ન-ભિન્ન નામથી પોકારે છે. વિભિન્ન મત-મતાન્તરના લોકોની વેશ-ભૂષા પણ ભિન્ન-ભિન્ન પ્રકારની છે તો પણ પરસ્પર સંઘર્ષ ન કરવો જોઈએ કારણ કે સર્વેના સ્વામી પરમાત્મા એક જ છે.)

મહામતિ શ્રી પ્રાણનાથજીને પૂર્ણ વિશ્વાસ હતો કે વિશ્વનો માનવ સમુદાય વિશ્વધર્મ તરફ અગ્રેસર થઈ શકે છે. જેમ જેમ તે તરફ પગલાં ભરાશે ત્યારે મોટા પ્રમાણમાં એકરૂપતા આવવા લાગશે. તેમણે આવી પરિસ્થિતિની પરિકલ્પના કંઈક આ પ્રમાણે કરી છે.

**સબ જાતેં મિલી એક ઠૌર, કોઈ ના કહે ધની મેરા ઔર ॥**

(પ્રકાશ હિન્દી ૩૭/૧૦૬)

(વિશ્વની બધી જાતિઓ કેટલાક સર્વમાન્ય મુદ્દાઓ પર એક થઈને એ સ્વીકાર કરશે કે અમારા બધાના સ્વામી પરમાત્મા એક જ છે.)

આ પ્રકારની પરિસ્થિતિ આવવાથી સર્વત્ર ઐક્ય છવાઈ જશે તેમજ બધા સમુદાયના લોકો એક સાથે મળીને પોત-પોતાના વ્યવહાર કરશે.

**જાત પાંત ના ભાંત કોઈ, એક ખાન પાન એક ગાન ।**

(સનંધ ૨૭/૨૪)

**૩. વિશ્વશાંતિ :** જો માનવ સમુદાય પારસ્પરિક દ્વેષ ભાવને છોડીને અનન્ય સદ્ભાવના તેમજ પ્રેમમય વ્યવહાર માટે અંતર્હૃદયથી ઈચ્છુક થશે અને તેના માટે સાર્થક પ્રયત્ન કરવા લાગી જશે તો આખા વિશ્વમાં શાંતિ છવાઈ જશે.

**છોડકે બૈર મિલે સબ પ્યારસોં, ભયા સકલ મેં જૈ જૈ કાર ।**

(કિરતંન ૫૪/૧૨)

(પરસ્પર શત્રુતાને છોડીને લોકો જ્યારે પ્રેમપૂર્વક એક બીજાને મળતા થશે ત્યારે આખા વિશ્વમાં શાંતિ છવાઈ જશે.)

આવી પરિસ્થિતિ આવશે તો આક્રમક વિચાર ધારાવાળા તેમજ સહિષ્ણુ સ્વભાવવાળા વ્યક્તિઓ તથા સમુદાયોમાં પણ પરસ્પર મેળાપ શક્ય બનશે.

**વાઘ બકરી એક સંગ ચરે, કોઈ ન કરે કિસીસોં બૈર ।**
**પસુ પંખી સુખે ચરે ચુગે, છૂટ ગયો સબકો જેહેર ।।**

(કિરંતન ૫૫/૨૦)

**૪. ભારતીય સમાજ :** મહામતિ શ્રી પ્રાણનાથજીએ જન્મ આધારિત વર્ણ વ્યવસ્થાને ભારતીય સામાજિક એકતામાં અવરોધક માની તેમજ તેને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. તેમણે વિભિન્ન જાતિના લોકોને ધર્મની દીક્ષા આપી. તેમનું કહેવું હતું કે પવિત્ર આચરણવાળી વ્યક્તિ જ ઉત્તમ છે. ભલે કોઈ પણ જાતિમાં તેણે જન્મ લીધો હોય. તેઓ કોઈ ખાસ જાતિમાં જન્મ લેનાર વ્યક્તિને જ ઉત્તમ માનવાની પરંપરામાં સુધારો લાવવાના આગ્રહી હતા. એટલા માટે તેમણે આભડછેટની પ્રથાને મહત્ત્વ આપ્યું નહીં. તેમણે સમાજને પૂછ્યું કે પવિત્ર આચરણ તેમજ નિર્મલ હૃદયવાળા ચંડાલ અને પરમાત્માનું સ્મરણ ન કરી દૂષિત આચરણ કરવાવાળા બ્રાહ્મણમાં કોણ અસ્પૃસ્ય છે ? તેઓ પોતે નિર્મળ હૃદયવાળી વ્યક્તિને ઉત્તમ માનવાના પક્ષમાં હતા,

**ચાંડાલ હિરદે નિરમલ, સંગ ખેલે ભગવાન ।**
**દેખાવે નહીં કાહૂં કો, ગોપ રાખે નામ ।।**

**વિપ્ર ભેષ બાહેર દૃષ્ટિ, ષટ કરમ પાલે વેદ ।**
**શ્યામ ખિન સુપને નહીં, જાને નહીં બ્રહ્મ ભેદ ॥**

**અબ કહો કાકે છૂએ, અંગ લાગે છોત ।**
**અધમ તમ વિપ્ર અંગે, ચંડાલ અંગ ઉદોત ॥**

(સનંધ ૧૬/૧૯,૨૧,૨૩)

(બ) સ્ત્રીઓ પ્રતિ સમાનતા માટે તેમણે વિશેષ આગ્રહ રાખ્યો. તેમનું કહેવું હતું કે શરીરની પ્રાકૃતિક સંરચના તથા પારિવારિક જવાબદારીના ભેદ સિવાય સ્ત્રી અને પુરુષમાં ભેદ માનવો જોઈએ નહીં. માત્ર સમાજમાં જ નહીં ધર્મ પાલનમાં પણ સમાન અધિકાર છે. તેમણે સ્ત્રીઓને પણ ધર્મમાં દીક્ષિત કરી સમાજમાં ઉત્ક્રાંતિનું સર્જન કર્યું.

(ક) પારસ્પરિક ઐક્ય તેમજ સંગઠન વિશે તેમનું કેવું હતું કે ભારતીય સમાજ ઉપર વારંવાર બાહ્ય આક્રમણ તેમજ અત્યાચાર થવાનું કારણ સંગઠનનો અભાવ છે. જો આમ જ ચાલતું રહેશે તો પ્રજાનું શોષણ થતું રહેશે. એટલા માટે તેમણે મુઘલ શાસકોના અત્યાચાર વિરુદ્ધ હિંદુ સંગઠન ઉપર બળ આપ્યું અને વિભિન્ન ધર્મસંપ્રદાયોના આચાર્યો, તેમના અનુયાયીઓ તથા રાજા મહારાજાઓમાં પણ પારસ્પરિક ઐકયની વાત કરી.

ભારતીય દ્વીપમાં ત્રણે બાજુ સમુદ્ર હોવાથી બાહ્ય આક્રમણ થતા રહે તે શક્ય હતું. તેમાં પણ વર્તમાન ગુજરાતના સૌરાષ્ટ્ર તથા કચ્છ પ્રદેશમાં તો અરબસ્તાનની નિકટતાને કારણે બીજા સ્થાનો કરતાં વધારે આક્રમણો લૂંટ-ફાટ તથા અપહરણના બનાવો થતા હતા. મહામતિ શ્રી પ્રાણનાથજી જ્યારે ધર્મયાત્રામાં દીવ ગયા હતા તે સમયે તેમની સાથે જઈ રહેલા શિષ્ય સમુદાયને પણ અરબના ચાંચિયાઓએ અપહરણ કરી લઈ ગયા અને તેમને છોડાવવા માટે ધન સંપત્તિની માગણી કરી. મહામતિને લાગ્યું કે વારંવાર થતાં આ બનાવોને હંમેશાંને માટે દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

એટલા માટે તેમણે સમદ્ર કાંઠાના પ્રદેશો(બંદરો તથા શહેરો)ની યાત્રા કરવાની યોજના કરી. એક એક સ્થાનમાં જઈને તેમણે ત્યાં રહેતા લોકોને સમજાવ્યા કે જો તમારામાંથી કોઈ પણ વ્યક્તિ આ અપહરણ કર્તાઓને પ્રત્યક્ષ તથા પરોક્ષ રૂપથી કોઈ પણ પ્રકારની મદદ નહીં આપે તો તેઓ તેમની યોજનાઓમાં ક્યારેય સફળ નહીં થઈ શકે. ત્યાંના લોકોને તેમની વાત ગમી અને તેમણે આવા અપહરણ કર્તાઓને કોઈ પણ પ્રકારનો સહયોગ નહીં આપવાનો સંકલ્પ કર્યો. આના સંદર્ભમાં મહામતિ શ્રી પ્રાણનાથજીના આ વિચારો સાથે સહમત થઈ જાય અને આવા વિચારોને કાર્યાન્વિત કરવા લાગી જાય તો તે દેશમાં સીમા પારથી પ્રભાવિત કરવાવાળી આતંકવાદી ગતિ વિધિઓ સમાપ્ત થઈ જશે.

**રાષ્ટ્રભાષા માટે હિંદીની ઘોષણા**

જો કે ભારતના વિભિન્ન પ્રાન્તોમાં બોલ-ચાલ માટે વિભિન્ન ભાષાઓ હતી પરંતુ બધા પ્રદેશોને તથા ત્યાંના નાગરિકોને એક સૂત્રમાં બાંધવા માટે મહામતિએ કોઈ એક ભાષાની આવશ્યકતા ઉપર ભાર આપ્યો જેને સર્વસાધારણ લોકો પણ સમજી શકે. તેમને લાગ્યું કે આ પ્રકારની ભાષા હિંદી જ થઈ શકે છે. એટલા માટે તેમણે જાતે પણ હિંદી ભાષાનો પ્રયોગ કર્યો અને બીજા લોકોને પણ તેના માટે પ્રેરિત કર્યા. તે સમયે આ ભાષા હિંદુસ્તાનીના નામથી પ્રચલિત હતી. જેમ કે,

**બિના હિસાબેં બોલિયાં, મિને સકલ જહાન ।**
**સબકો સુગમ જાનકે, કહૂંગી હિન્દુસ્થાન ॥**
**બડી ભાષા એ હી ભલી, જો સબમેં જાહેર ।**

(સનંધ ૧/૧૫,૧૬)

**૫. હિંદુ ધર્મ :** વિશ્વમાં પ્રચલિત વિભિન્ન સંપ્રદાયો જો કે માનવના ઉત્કર્ષ માટે છે છતાં તે બધાંમાં હિંદુ ધર્મની વિશેષતા કંઇક જુદી જ છે. તેમાં અહિંસા, સત્ય, પ્રેમ, કરુણા, મૈત્રી, સહિષ્ણુતા, ક્ષમા, સદાચાર,

વિશ્વબંધુત્વ જેવા અનેક ગુણોને ધાર્મિક વ્યક્તિ માટે અતિ આવશ્યક માન્યા છે. મહામતિ શ્રી પ્રાણનાથજીના અનુસાર માનવીનો વ્યક્તિગત તેમજ સમૂહગત અભ્યુદય તથા જીવ, જગત તેમજ બ્રહ્મ જેવા દાર્શનિક પક્ષના સંદર્ભમાં હિંદુ ધર્મનો દૃષ્ટિકોણ વ્યાપક, ઉદાત્ત, વ્યવહારિક તથા તર્કસંગત છે. એટલા માટે ભારતવર્ષ તથા હિંદુ ધર્મની ખૂબ જ પ્રશંસા કરી છે.

**ત્રૈલોકી મેં ઉત્તમ ખંડ ભરતકો, તામે ઉત્તમ હિંદુ ધરમ ।**

હિંદુ ધર્મ ઉપર થઈ રહેલા આક્રમણને રોકવા માટે તેમણે પોતાના શિષ્ય સમુદાય સહિત ઘણા કષ્ટ સહન કર્યા છે. ગર્વ સાથે એ કહેવું પડશે કે તે પરસ્થિતિમાં ધર્માંધ રાજસત્તાને ખુલ્લે આમ પડકાર આપવો એ કાંઈ સામાન્ય કાર્ય ન હતું.

આ રીતે મહામતિ શ્રી પ્રાણનાથજી વિશ્વ ધર્મ એકતા, વિશ્વ શાંતિ, સામાજિક સદ્ભાવના, નારી સશક્તીકરણ, પારસ્પરિક ઐક્ય તથા રાષ્ટ્રભાષાની ઘોષણા તેમજ હિન્દુ ધર્મની વિશેષતા ઉપર ભાર મૂક્યો.

**(પેજ નંબર ૩૪ થી ક્રમશ....)**

# પરમધામ ગમન

**બારડોલી(હાલ વલસાડ) :** ધર્મજ્ઞશ્રી કાર્તિક અનિલકુમાર ભાવસારનું તારીખ ૧૬-૦૪-૨૦૨૧ ના રોજ ૪૪ વર્ષની ઉંમરે ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે માતુશ્રી રંજનબેન અનિલકુમાર તરફથી સાહિત્ય સેવામાં ₹ ૧૦૦૦/ ભેટ મળી છે.

**ફાચરીયા(વડા) :** શ્રીમતી ગોદાવરીબેન નનુભાઈ ગુંદરણીયાનું તારીખ ૨૯/૦૧/૨૦૨૧ ના રોજ પરમધામ ગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સેવામાં ₹ ૧૦૧૧/ મળ્યા છે. હસ્તે : કમલાબેન વિનુભાઈ નનુભાઈ ગુંદરણીયા(સુરત).

**ગોંડલ :** શ્રીમતી મણિબેન ગોકળભાઈ રૈયાણીનું તારીખ ૧૬/૦૪/૨૦૨૧ શુક્રવારના રોજ ધામ ગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં ₹ ૫૧૧/ મળ્યા છે. હસ્તે : ડાહ્યાભાઈ અને હરીભાઈ ગોકળભાઈ રૈયાણી.

**ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજશ્યામાજી નિજ ચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એવી અભ્યર્થના.**

# મહામતિ શ્રી પ્રાણનાથજીના 'પંચ સિદ્ધાંત'

ભારત એક એવો અધ્યાત્મિક દેશ છે, જ્યાંના કણ કણમાં અધ્યાત્મિકતા વ્યાપ્ત છે. આવા આધ્યાત્મિક દેશની એવી માન્યતા છે કે જ્યારે આધ્યાત્મિક પ્રકાશના કિરણોની વચ્ચે અધર્મનો અવરોધ આધ્યાત્મિકવાદને ઝાંખો કરવાનો પ્રયત્ન કરે અને પરિણામે માણસોનું જીવન અસત્ય, અંધકાર મૃત્યુ તરફ અગ્રેસર થાય ત્યારે ધર્મના સૂર્યને પુનઃસ્થાપિત કરવા, અસત્યોમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ, મૃત્યુમાંથી અમૃત તરફ લઈ જવાનો સંદેશ લઈને સંભવામિ યુગે યુગે કહી આશ્વાસન આપી પરમપૂર્ણ શક્તિના યોગાનુસાર પરમાત્માનું આ ભારતની ભૂમિ પર અવતરણ થાય છે.

સત્તરમી શતાબ્દીમાં એ પ્રમાણેની વિષમ પરિસ્થિતિમાં જ્યારે માનવ માનવ વચ્ચે ધર્મભેદ, જાતિભેદની પ્રબલ બોલબાલા હતી. પૂર્ણ પણે જેના પ્રભાવ હેઠળ માનવ દબાયેલો હતો, અધર્મનો પ્રભાવ પ્રસરી ગયો હતો. ઠેર ઠેર સમ્પ્રદાયોની હારમાળા તૈયાર થઈ ચૂકી હતી. માનવ જીવન ઊંડી અશાંતિમાં અટવાતું હતું ત્યારે વિશ્વ શાંતિ તથા સર્વ ધર્મ સમભાવનો દિવ્ય તથા કલ્યાણકારી 'સુંદરસાથ સંદેશ' લઈને એક મહાન વિભૂતિ ગુજરાતના જામનગર શહેરના લોહાણા ક્ષત્રિય પરિવારમાં વિ.સં. ૧૬૭૫ ના વર્ષમાં ભાદ્રપદ ચૌદશે દિવસના પ્રથમ પ્રહરમાં અવતરી જેને આજે દુનિયા મહામતિ શ્રી પ્રાણનાથના પ્રિય નામે પિછાણે છે. તેમનું નામ તો મિહિરરાજ હતું. પ્રાણનાથ પ્યારે કી જય ના સ્વરે તેમનો જય જયકાર કરે છે.

મહામતિશ્રી પ્રાણનાથનું જીવન-દર્શન તથા તેમનું કાર્ય(સર્જન) એ મધ્યકાલીન ભારતની એક મહાન દેન છે, એક મહાન ઉપલબ્ધિ છે. સમસ્ત ભારતની ધાર્મિક તથા સાંસ્કૃતિક પરમ્પરાઓનું-ચિંતન, મંથન કરી પોતાની પ્રખર પ્રતિભા વડે તદ્દન નવું જ રૂપ પ્રદાન કર્યું. મહામતિશ્રી પ્રાણનાથજીએ પોતે તે સમયે વાહન-વ્યવહારના સાધનોનો અભાવ હોવા

છતાં જામનગરથી નીકળી હજારો માઈલની પદ-યાત્રા કરી જન જાગૃતિનું મહાન કાર્ય કર્યું. પોતાની દિવ્ય અમૃત-વાણી વડે સુંદરસાથ જેવું સુંદર આત્મીયતા ભર્યું સંબોધન કરી લોકોને જાગૃત કર્યો. શ્રી તારતમ સાગરના રૂપમાં અઢાર હજાર ચોપાઈ વડે શોભતો એક વિશાળ ગ્રંથ વિશ્વ સાહિત્યને અર્પણ કર્યો. આ ગ્રંથ વિશ્વ સાહિત્યની એક અનુપમ નિધિ છે. તેમની અમર વાણીમાં માનવ એકતા, વિશ્વ શાંતિ તથા સર્વ ધર્મ સમભાવ એ મુખ્ય સિંદ્ધાંતો છે તે પૈકીના પાંચ સૂત્રો આ પ્રમાણે છે,

**૧. સબ સયાનોંકી એક મત પાઈ :** મહમતિ શ્રી પ્રાણનાથજીનું કહેવું છે કે વિશ્વમાં પ્રગટ થયેલા બધા મહાપુરુષોએ ધર્મના વ્યાવહારિક પક્ષમાં સદાચરણની વાત કરી છે અને આધ્યાત્મિક પક્ષમાં એક પરમાત્માની વાત કરી છે. તેઓની ભાષા અને વેશમાં જ અંતર છે પણ બધાનો સંદેશો એક જ છે.

**૨. પાર બ્રહ્મ તો પૂરણ એક હૈ :** આ તો દીવા જેવી સ્પષ્ટ ચોખ્ખી વાત છે કે પરમાત્મા એક છે. મહામતિએ વૈદિક મંત્ર **એકમેવાદ્વિતીયમ્** તથા કુરાનના કલમા **લા ઈલાહ ઈલિલ્લાહ**ની તાત્ત્વિક એકતા બતાવી એકેશ્વરવાદનું પ્રતિપાદન કર્યું. તેમણે કહ્યું,

**જુદે જુદે નામે ગાવહીં, જુદે જુદે ભેષ અનેક ।**
**જિન કોઈ ઝગડો આપમેં, ધની સબોંકા એક ।।**

શ્રી સનંધ ગ્રન્થ ૪૧/૭૨

**૩. આતમ સદા એક હૈ :** પરમાત્મા બધાં માટે એક છે તો આત્મા બધાંથી જુદો જુદો શી રીતે હોઈ શકે ? એક નૂર તે સબ જગ ઉપજ્યાનો સિદ્ધાંત પણ કહે છે કે બધાં એક છે, શ્રી પ્રાણનાથજીએ પોતાની વાણીમાં કહ્યું,

**આતમ સહુની એક જ દીસે જુજવી તે દીસે દેહ ।।** આ પ્રમાણે તેઓએ માનવોની ભાવનાત્મક એકતાનો આધાર બતાવી દીધો. અનેક પ્રકારના અનેક રંગના વિધવિધ આકારના વીજળીના ગોળા હોવા છતાં તેમાં વહેતો વીજળી પ્રવાહ તો એક જ છે. એ જ પ્રમાણે શરીરના આકારો

કે રંગોમાં વિભિન્નતા હોવા છતાં આત્મા તો અભિન્ન છે અને એક આત્મ તત્ત્વના દર્શન થતાં જ અસમાનતા ગાયબ થઈ જાય છે. સાથે **પહેલે આપ પહેચાનો** દ્વારા જણાવ્યું કે સહુથી પહેલા આ આત્માને જ ઓળખવાનું છે કે હું પોતે આત્મા છું.

**૪. પ્રેમ બ્રહ્મ દોઊ એક હૈ :** પ્રેમ અને પરમાત્મા એક જ છે. આત્માની એક્તાના અનુભવની સાથે જ વિશ્વ માનવના પ્રતિ ગહન આત્મિક પ્રેમની અનુભૂતિ થાય છે. માનવ પ્રેમની આ સર્વ વ્યાપક દૃષ્ટિમાં સર્વત્ર પરમાત્મા જ નજરે ચઢે છે. **હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમસે પ્રગટ હોઈ મૈં જાના** શ્રી રામચરિત માનસની આ નાની સરખી ચોપાઈ પણ પ્રેમનું કેવડું મોટું મહત્ત્વ બતાવે છે. શ્રી પ્રાણનાથજીએ અનુભવ કર્યો કે સમગ્ર સંસારને જોડવા માટે પ્રેમ જ એક માત્ર સાંકળ છે. પ્રેમના અભાવમાં જ સંપૂર્ણ વિઘટનકારી શક્તિઓનો જન્મ થાય છે. આ માટે તેમણે પ્રેમ પર આધારિત એક સમાજનું સંગઠન કર્યું. તેનું નામ આપ્યું 'સુંદરસાથ' આજે પણ સમસ્ત વિશ્વને પ્રેમના(સંદેશથી) એક દોરામાં પરોવી શકાય છે.

**૫. સુખ શીતલ કરૂં સંસાર :** સબ એક કે લિએ, એક સબકે લિએનો સર્વ કલ્યાણકારી સિદ્ધાંત દ્વારા મહામતિએ સર્વના સુખ શાંતિ અને સમૃદ્ધિની મંગલ કામના કરીને મહાન સંકલ્પ નિરૂપિત કર્યો. તેમનું જીવન કોઈ એક જાતિ કે સમ્પ્રદાય કે દેશ માટે ન રહેતાં સમ્પૂર્ણ માનવતા માટે છે. સમગ્ર વિશ્વ માટે છે. વિશ્વ તેમનું છે. વિશ્વના સમસ્ત પ્રાણી માત્રના કલ્યાણ માટે શ્રી પ્રાણનાથજી છે.

આજના આ વૈજ્ઞાનિક યુગમાં એક તરફ વિજ્ઞાન પોતાની ચરમ સીમા તરફ પગલાં માંડી રહ્યું છે. ચંદ્ર પર પહોંચી ત્યાંથી અનેક તારા, નક્ષત્રોની શોધ માટે બે વચ્ચેનું અંતર માપી રહ્યું છે.(જ્યારે) અહીં બીજી બાજું માનવ-માનવ વચ્ચેનું અંતર વધી રહ્યું છે. પૃથ્વી પર શાંતિના પાઠ કરતાં કરતાં પૃથ્વીને ભૂલી સર્વનાશનું ભયાનક દશ્ય ઉપસ્થિત થઈ રહ્યું છે. માનવ આજે ત્રીજા વિશ્વ યુદ્ધની ભયાનક કાલ્પનાથી સંત્રસ્ત છે. રાજનીતિ પોતાની કૂટનીતિથી આક્રોશ છે, અર્થશાસ્ત્ર પોતાનાં જ આંકડાથી

ચકિત છે. વિષમ પરિસ્થિતિમાં માનવ પોતાના સંરક્ષણ તથા સ્થાયી શાંતિની આકાંક્ષા સેવે છે. આવી વિષમ પરિસ્થિતિમાં પીડા તથા ચિંતાજનક સ્થિતિમાં શ્રી પ્રાણનાથજીની અમૃતવાણીથી સ્થાયી તથા એકતાના સૂત્રો પ્રાપ્ત થઈ શકે છે.

ચાલો આપણે સર્વે શ્રી પ્રાણનાથજીના સર્વ કલ્યાણકારી સુંદરસાથ માટેના સંદેશાઓનું ચિંતન મનન કરી, અનુકરણ કરી વિશ્વ વ્યાપી પ્રચાર માટે તેમના માનવતાવાદી સંદેશાના પ્રચારમાં સહયોગ આપીએ. **સર્વે ભવંતુ સુખિનઃ સર્વે સંતુ નિરામયા।**

# આંતરિક ઊર્જા

આજના ભૌતિક યુગમાં મનુષ્ય જો તેના પ્રત્યેક કાર્યનું નિરીક્ષણ કરે તો જણાશે કે તેનું પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વિચાર કંઈને કંઈ પ્રાપ્ત કરવા માટેનો જ હશે. આ બધું મેળવવાની લાલસાથી કંઈક વિશેષ જો વ્યક્તિ પોતાને એ પાંચ તત્ત્વોમાં વિલિન થવાનો પ્રયાસ કરે જેનાથી માનવ શરીર પેદા થયું છે તો માનવનું સમગ્ર વ્યક્તિત્વ ઉપસી આવશે. જે મનુષ્યની સમગ્ર ઊર્જા શક્તિ સહિતનું હશે. ત્યારે મનુષ્યને પોતાનામાં રહેલ આંતરિક ઊર્જા શક્તિના સ્રોતનું ભાન થશે. આ આંતરિક ઊર્જા શક્તિનો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે તેનો સંબંધ બહારની વૈશ્વિક ઊર્જા શક્તિ સાથે થશે. આ મનુષ્ય માટે ત્યારે જ સંભવ થશે જ્યારે તે પોતાની અંદર રહેલી ઊર્જા શક્તિનો ઉપયોગ યોગ્ય માર્ગે કરશે. નહિ કે વિચારોના ચક્રવ્યૂહમાં પોતાની શક્તિનો વ્યય કરે. આ વસ્તુ માત્ર ધ્યાન દ્વારા જ સંભવ છે. નાના બાળકનો સંબંધ સૌ પ્રથમ પોતાની માતા સાથે જ હોય છે. જેમ જેમ તેની ઉંમર વધતી જાય છે તેમ તેમ તેનો સંબંધ ધીરે ધીરે ઘરની પ્રત્યેક વ્યક્તિ સાથે બંધાતો જાય છે. આ સંબંધમાં વધારો થતાં અધિક વિચારો ઉત્પન્ન થાય જે શરીરની આંતરિક ઊર્જાને ઓછી કરે છે.

ધ્યાનની શરૂઆત જેટલી વહેલી થાય તેટલું વધુ સારું. એક વાર ધ્યાન દ્વારા આંતરિક ઊર્જા શક્તિના સંગ્રહની આદત વધતી જશે તેમ તેમ અંદરથી વિકાસ થવા લાગશે અને સમગ્ર વ્યક્તિત્વના વિકાસની સંભાવના પણ વધતી જશે. માનવીના સમગ્ર વિકાસનો પાયો છે કે વ્યક્તિ પોતાને એક માનવ તરીકે ઓળખે. આંતરિક માનવની જાગૃતિમાંથી જે વહે છે તે છે પ્રેમ. પ્રેમ ભર્યા સંબંધોથી જ તે એક-બીજા સાથે જોડાય છે. પ્રારંભમાં માતાપિતાભાઈ બહેન, પત્ની-બાળકો સાથે પ્રેમથી જોડાય છે. ત્યારબાદ આ પ્રેમનું માળખું મોટું થતું જાય તેમ તેમ પરિવાર, ગામ, સમાજ, પ્રદેશ, રાષ્ટ્ર સાથે તેને પ્રેમ થવા લાગે. આ એક આધ્યાત્મિક વિકાસની સીડી છે.

એ સઘળી માનવ જાત સાથે પ્રેમ કરશે પછી પ્રકૃતિના તમામ તત્ત્વો સાથે પ્રેમ કરશે ગુરુકૃપાથી સદ્‌ગુરુ સાથે જોડાવાથી આપણે સમગ્ર વિશાળ કાર્યક્ષેત્ર સુધી પહોંચી શકીએ છીએ. તે કક્ષામાં પહોંચ્યા બાદ જીવનની એક એક પળ સકારાત્મક ઊર્જા લઈને આવતી હોય છે. આ સકારાત્મક ઊર્જા શક્તિ જ આપણને બહારનું વિશ્વ ઊર્જાશક્તિ સાથે જોડે છે. જેના દ્વારા આપણા સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

ધ્યાન કરવું એટલે વિશ્વ પ્રેમ, વિશ્વઊર્જા શક્તિ સાથે જોડાવું. એક સદ્‌ગુરુ સાથે હજારો આત્માઓ જોડાયેલા છે. આપણો આત્મીય સંબંધ તેની સાથે છે. સદ્‌ગુરુના સાન્નિધ્યમાં રહેવું એ પણ ધ્યાન જ છે.

આવા સદ્‌ગુરુના સાન્નિધ્યની ઇચ્છા કરવા માત્રથી આપણી આંતરિક ઊર્જાશક્તિનો વિકાસ શરૂ થાય છે. આથી આપણા જીવનનો વિકાસ થશે, આ જીવનમાં જેટલા વધુ વિકસિત થશું તેટલા પરમાત્માના સાનિધ્યને પામવા વધુ સક્ષમ બનીશું. ધ્યાન, સ્મરણ અને પ્રેમથી જ પરમાત્માનું સાન્નિધ્ય પ્રાપ્ત થશે અને મનુષ્ય જીવન સાર્થક થશે.

**- મધુ ચૈતન્ય**

**(પ્રેષક : શ્રીમતી હેમીબેન અજુડિયા - કાલાવડ)**

# શ્રી ૫ નવતનપુરી ધામમાં એપ્રિલ ૨૦૨૧ દરમ્યાન દાન ભેટ સેવા આપનાર સુંદરસાથ

₹ ૧૫૦૦૦/- ગિરીશભાઈ કાનજીભાઈ ભંડરી - **રાજકોટ.**

₹ ૧૧૦૦૦/- સચિનભાઈ ચૌહાણ - **જામનગર.**

₹ ૧૧૦૦૦/- રંજનબેન રવજીભાઈ ભંડેરી - **જુનાગઢ.**

₹ ૮૧૩૦/- નરશીભાઈ વજશીભાઈ મારુ - **જુનાગઢ.**

₹ ૫૧૦૦/- અશોક એન્ટરપ્રાઈઝ - **જામનગર.**

₹ ૫૧૦૦/- પાંઢીબેન ગિરધરભાઈ ભંડેરી - **સુરત.**

₹ ૫૧૦૦/- સુરેશભાઈ રૂપારેલિયા - **રાજકોટ.**

₹ ५०००/– असीम मदन खुराना

₹ ૫૦૦૦/- ડૉ. પ્રિતેશ એમ પટેલ - **જુનાગઢ.**

₹ ૪૯૦૦/- શિવ એન્ટરપ્રાઈઝ - **જામનગર.**

₹ ૪૬૦૧/- મોટા ગરેડીયા સુંદરસાથ - **મોટા ગરેડીયા.**

₹ ૪૧૦૦/- પરબતભાઈ સોલંકી - **સમેગા(જૂનાગઢ).**

₹ ૨૧૧૧/- રવીન્દ્રસિંહ દીલુંભા જાડેજા - **જામનગર.**

₹ ૨૦૦૦/- મોહનભાઈ હીરજીભાઈ પરમાર - **અંજાર.**

₹ ૧૫૦૧/- ઉમેશકુમાર તનસુખલાલ ભાવસાર - **બારડોલી.**

₹ १५००/– गेडीलाल साल्वे (जी. एल. साल्वे) एवं वीणा साल्वे – **जेताना ( उदयपुर )**।

## દાનભેટમાં ₹ ૧૧૦૦/- ની સેવા આપનાર સુંદરસાથ

(૧) પરમધામવાસી જયાબેન પ્રફુલભાઈ વાઘેલા - **જાલીયા** (૨) સાગર નારણભાઈ પીઠિયા - **જુનાગઢ** (૩) અવિન્તકુમાર ભાવેશભાઈ રોલા (૪) પ્રફુલ ધરમશીભાઈ બુશા - **ઠેબા** (૫) રાજુલ સુરેન્દ્ર મહેતા - **નડિયાદ.** (૬) પ્રકાશકુમાર નગીનભાઈ પટેલ - **ખેડા.** ૭) પરમધામવાસી સુદર્શન જગજીવનભાઈ પીઠડિયા - **રાજકોટ.** હસ્તે : સવિતાબેન સુદર્શનભાઈ પીઠડિયા.

## અન્નાદ્ ભવન્તિ ભૂતાનિ - પાકી રસોઈની સેવા

₹ ૧૩૯૨૦/- અશોકભાઈ ટીડાભાઈ બુમતારીયા - **નાનીવાવડી.**

₹ ૧૨૫૦૦/- મનસુખભાઈ કાનજીભાઈ કપોપરા - **ઉપલેટા.**

₹ ૧૧૫૦૦/- પરમધામવાસી લાખાભાઈ દામજીભાઈ નસિત - **જામનગર.**

₹ ૧૦૪૨૦/- પરમધામવાસી જયાબેન પ્રફુલભાઈ વાઘેલા - **જાલીયા.**

₹ ૧૦૩૫૦/- દક્ષાબેન ધનસુખભાઈ નંદાણીયા - **રાજકોટ.**

₹ ૯૭૦૦/- મોહનભાઈ પુંજાભાઈ ચિખલિયા - **જામનગર.** હસ્તે : રીનાબેન.

₹ ૯૩૭૫/- પરમધામવાસી કિશોરભાઈ ધનજીભાઈ અકબરી - **જામનગર.**
હસ્તે : ભારતીબેન વિનોદભાઈ સંઘાણી.

₹ ૯૬૯૫/- પરમધામવાસી મગનભાઈ રણછોડભાઈ કમાણી - **જેતપુર(નવાગઢ).**
હસ્તે : ચંદુભાઈ રણછોડભાઈ કમાણી.

₹ ૯૩૬૫/- પરમધામવાસી જીતેન્દ્ર ઉનડકટ. હસ્તે : દિનેશભાઈ ઉનડકટ.

₹ ૮૨૩૦/- દેવરાજભાઈ રણછોડભાઈ કમાણી - **જેતપુર(નવાગઢ).**

₹ ८२६०/– परमधामवासी मातृश्री मधु राणा – काठमाडौं (नेपाल) ।
हस्ते **:** सौभाग्यवती पुत्री राधा मल्ल एवं श्री चेतनमणि महाराज ।

₹ ૭૬૪૫/- પરમધામવાસી લક્ષ્મીબેન મોહનભાઈ વાઘેલા - **જાલીયા.**

## ફિક્સ રસોઈની સેવા ₹ ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથ

૧) પરમધામવાસી સુદર્શનભાઈ જગજીવનભાઈ પીઠડીયા - **રાજકોટ.**
હસ્તે : સવિતાબેન સુદર્શનભાઈ પીઠડીયા.

૨) પરમધામવાસી દૂધીબેન લવજીભાઈ વાદી - **માંડાસણ.**

૩) પરમધામવાસી બાબુભાઈ ગોકળભાઈ રૂપાપરા અને પરમધામવાસી વિજયાબેન બાબુભાઈ રૂપાપરા - **રાજકોટ.** હસ્તે : યોગેશભાઈ ગોરધનભાઈ ડોબરીયા.

## સાદી રસોઈની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી કાર્તિક અનિલકુમાર ભાવસાર - **બારડોલી.**

૨) પરમધામવાસી હમીરભાઈ ગોવિંદભાઈ બેરા - **વેકરી.**

૩) સરોજબેન રઘુભાઈ કોરાટ - **રાજકોટ.**

૪) પરમધામવાસી મોહનભાઈ જાદવભાઈ સભાયા - **કોંજા.**
હસ્તે : જયેશભાઈ અને મહેશભાઈ મોહનભાઈ સભાયા.

૫) દિનેશભાઈ પરબતભાઈ નસિત - **જામનગર.**

૬) પરમધામવાસી પરબતભાઈ સાજણભાઈ ઓડેદરા - **રાણાવાવ.**

૭) પરમધામવાસી હમીરભાઈ ગોવિંદભાઈ બેરા - **વેકરી.**

૮) જલ્પાબેન વિનોદભાઈ મુંગરા - **જામનગર.**

९) जानुका देवी दहाल – **काठमाडौं ( नेपाल )** ।

## રાજભોગ(થાળભોગ)ની સેવા ₹ ૧૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી ઓચ્છવલાલ ગાંડાલાલ શાહ - **મુંબઈ**. હસ્તે : ધર્મેશ શાહ. ૨) પ્રેમજીભાઈ પરબતભાઈ રૂડાણી - **કચ્છ**. ૩) ચેતનાબેન ચંદ્રેશભાઈ ઘેલાણી - **રાજકોટ**. ૪) અભયભાઈ જયંતભાઈ પડાલિયા - **ગોંડલ**. ૫) તસ્વો હિરેનભાઈ સુદાણી - **સુરત**. ૬) પરમધામવાસી ડાહ્યાભાઈ ગોવિંદભાઈ પટેલ - **ગોધરા**. ૭) હિરલબેન રાજાભાઈ રામ - **ગોંડલ**. ૮) નરસીભાઈ વજશીભાઈ મારૂ - **જુનાગઢ**. ૯) નીતિનભાઈ ગોરધનભાઈ પાણખાણિયા - **અમદાવાદ**. ૧૦) કુસુમબેન રતિલાલ પંડ્યા - **રાજકોટ**. ૧૧) પરમધામવાસી શ્રી દીનદયાલજી મહારાજ - **મુંબઈ**. ૧૨) પરમધામવાસી શ્રી હેમલતાબેન અનૂપસિહ ચૌહાણ - **જામનગર**. ૧૩) પરમધામવાસી ગેલુબેન પુરષોતમ ચૌહાણ - **મુંબઈ**. ૧૪) પરમધામવાસી જીવાભાઈ કારાભાઈ ભેટારીયા - **ચિખલોદરા**. ૧૫) પરમધામવાસી હમીરભાઈ ગોવિંદભાઈ બેરા - **વેકરી**. ૧૬) પરમધામવાસી ગેલુબેન પુરષોતમભાઈ ચૌહાણ - **મુંબઈ**. ૧૭) પરમધામવાસી રાજેશભાઈ વિરામભાઈ નંદાણીયા - **બામણાસા**. ૧૮) રસિલાબેન હિરજીભાઈ પરમાર - **અંજાર(કચ્છ)**. ૧૯) પરમધામવાસી ઈશ્વરભાઈ હંસરાજભાઈ કમાણી - **ધોરાજી**. હસ્તે : રાજેશભાઈ કમાણી. ૨૦) गेडीलाल साल्वे (जी. एल. साल्वे) एवं वीणा साल्वे – **जेताना ( उदयपुर )**।

## ગોટા પારાયણની સેવા ₹ ૨૫૦૦/ આપનાર સુંદરસાથજી

૧) હેમાંશુભાઈ મુકેશભાઈ ઠુંમર - **રાજકોટ**. ૨) પરમધામવાસી દૂધીબેન લવજીભાઈ વાદી - **જામનગર**. ૩) પરમધામવાસી ગીતાબેન લાલજીભાઈ ભંડેરી - **અમદાવાદ**. ૪) દિલીપભાઈ જેન્તિભાઈ પટેલ - **જાલીયા**. હસ્તે : પ્રફુલભાઈ મોહભાઈ વાઘેલા. ૫) સુશીલાબેન ચીમનભાઈ પટેલ - **જાલીયા**. હસ્તે : પ્રફુલભાઈ મોહભાઈ વાઘેલા. ૬) પરમધામવાસી લક્ષ્મીબેન મોહનભાઈ વાઘેલા - **જાલીયા**. હસ્તે : પ્રફુલભાઈ મોહભાઈ વાઘેલા. ૭) પરમધામવાસી મોહનભાઈ છગનભાઈ વાઘેલા - **જાલીયા**. હસ્તે : પ્રફુલભાઈ મોહભાઈ વાઘેલા. ૮) પરમધામવાસી જયાબેન પ્રફુલભાઈ વાઘેલા - **જાલીયા**. હસ્તે : પ્રફુલભાઈ મોહભાઈ વાઘેલા. ૯) પ્રીતેશ પ્રફુલભાઈ વાઘેલા - **જાલીયા**. હસ્તે : પ્રફુલભાઈ મોહભાઈ વાઘેલા. ૧૦) દેવાંગ નટવરલાલ વ્યાસ - **જામનગર**. ૧૧) હિરલબેન રાજાભાઈ રામ - **ગોંડલ**. ૧૨) પરમધામવાસી કલાવતીબેન હિરાલાલ ભાવસાર - **વલસાડ**. ૧૩) પરમધામવાસી વીરમતિબેન મહેન્દ્રભાઈ ભાવસાર - **નવસારી**.

૧૪) વિનોદચંદ્ર નથુભાઈ ભાવસાર - **વલસાડ**. ૧૫) સરોજબેન રઘુભાઈ કોરાટ - **ખોખડદડ**. ૧૬) પરમધામવાસી મોહનભાઈ જાદવભાઈ સભાયા - **કોંજા**. હસ્તે : જયેશભાઈ અને મહેશભાઈ મોહનભાઈ સભાયા. ૧૭) પરમધામવાસી કીર્તિકુમાર હિરાલાલ ભાવસાર - **વલસાડ**. ૧૮) પરમધામવાસી જયાબેન નવીનચંદ્ર ભાવસાર - **વાપી**. હસ્તે : સોનલબેન પૂર્વેશભાઈ ભાવસાર. ૧૯) પરમધામવાસી સુદર્શનભાઈ જગજીવનભાઈ પીઠડીયા - **રાજકોટ**. હસ્તે : સવિતાબેન સુદર્શનભાઈ પીઠડીયા. ૨૦) પરમધામવાસી વિઠ્ઠલભાઈ પાચાભાઈ તાળા- **બેડીયા**. હસ્તે : તાડા મેહુલકુમાર વિઠ્ઠલભાઈ. ૨૧) મોહનભાઈ પુંજાભાઈ ચિખલિયા - **જામનગર**. હસ્તે **રીનાબેન**. ૨૨) પરમધામવાસી રાજેશભાઈ વિરામભાઈ નંદાણીયા - **બામણાસા**. ૨૩) પરમધામવાસી કલાવતીબેન હીરાલાલ ભાવસાર - **અમદાવાદ**. હસ્તે : રોહિત કાપડિયા. ૨૪) પરમધામવાસી દુધીબેન લવજીભાઈ વાદી. હસ્તે : વિરલભાઈ વિનોદભાઈ ભંડેરી. ૨૫) પરમધામવાસી ડાહ્યાભાઈ ઘેલાભાઈ ભાવસાર - **વલસાડ**. ૨૬) પરમધામવાસી પ્રતિમાબેન ધનસુખલાલ ભાવસાર - **વાપી**. २७) श्री प्रतिक अग्रवालजी – **अहमेदाबाद**। २४) संजय अग्रवाल एवं ममता अग्रवाल – **मुम्बई**। २८) राजवी तुषार मित्तल – **अहमदाबाद**। २९) गेडीलाल साल्वे (जी. एल. साल्वे) एवं वीणा साल्वे – **जेताना ( उदयपुर )**।

## સાપ્તાહિક પારાયણની સેવા ₹ ૨૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) સંદીપભાઈ પ્રફુલભાઈ પટેલ - **અલિન્દ્રા**. ૨) પરમધામવાસી અમિતકુમાર મંગળભાઈ પટેલ - **નિરમાલી.** ૩) હિનાબેન સંજયભાઈ કુંભાણી - **અમદાવાદ**. ૪) પરમધામવાસી હમીરભાઈ ગોવિંદભાઈ બેરા - **વેકરી**. ૫) પરમધામવાસી ઈશ્વરભાઈ હંસરાજભાઈ કોયાણી - **ધોરાજી**. ૬) પરમધામવાસી મૂળજીભાઈ ગોવિંદભાઈ પણસારા - **ગોંડલ**. ૭) પરમધામવાસી મણિભાઈ ઝવેરભાઈ પટેલ - **ઝંડા**. ૮) પરમધામવાસી પરબતભાઈ સાજણભાઈ ઓડેદરા - **રાણાવાવ**. ૯) પરમધામવાસી જીવાભાઈ કારાભાઈ ભેટારીયા - **ચિખલોદરા**. ૧૦) પરમધામવાસી રતિભાઈ વિઠ્ઠલભાઈ પટેલ - **હરકુંડી**. ૧૧) વિમલ દિપકભાઈ સાડીવાલા - **વડોદરા**. ૧૨) પરમધામવાસી સવિતાબેન સોમાભાઈ પટેલ - **ઝંડા**. ૧૩) પરમધામવાસી ઓચ્છવલાલ ગાંડાલાલ શાહ - **મુંબઈ**. હસ્તે : ધર્મેશ શાહ. ૧૪) પરમધામવાસી જેનીબેન દેવાભાઈ કંરગીયા - **જામરા(પોરબંદર)**.

૧૫) પરમધામવાસી રાણીબેન રામભાઈ ઓડેદરા - **માલ**. ૧૬) પરમધામવાસી જીતેન્દ્ર વનરાવનદાસ ઉનડકટ - **વેરાવલ**. હસ્તે : દિનેશભાઈ વનરાવનદાસ ઉનડકટ. १४) इन्द्रिरा अधिकारी – मंगलधाम(कालिमपोंग) । हस्ते : श्री १०८ मोहनप्रियाचार्य महाराज ।

## કોઠારની સેવા ₹ ૨૫૦૦/આપનાર સુંદરસાથ

૧) પરમધામવાસી સુદર્શનભાઈ જગજીવનભાઈ પીઠડીયા - **રાજકોટ**.
હસ્તે : સવિતાબેન સુદર્શનભાઈ પીઠડીયા.

૨) રતનબેન રણછોડભાઈ કોડીનારીયા - **જામનગર**.

## કાયમી તિથિની સેવા ₹ ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી મેણસીભાઈ ભેટીયાજી મેણસીભાઈ પુંજાભાઈ - **જામનગર**.

૨) પરમધામવાસી સુદર્શનભાઈ જગજીવનભાઈ પીઠડીયા - **રાજકોટ**.
હસ્તે : સવિતાબેન સુદર્શનભાઈ પીઠડીયા.

## ધ્વજાની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

નિશાબેન અને નિષાદભાઈ અને બટુકભાઈ મહેતા - **જામનગર**.

## સાધુ સંતો અને વિદ્યાર્થી સહાયમાં સેવા ₹૨૧૦૦/ આપનાર સુંદરસાથ

પરમધામવાસી સુદર્શનભાઈ જગજીવનભાઈ પીઠડીયા - **રાજકોટ**.
હસ્તે : સવિતાબેન સુદર્શનભાઈ પીઠડીયા.

## આવાસમાં સેવા ₹૩૧૦૦/ આપનાર સુંદરસાથ

પરમધામવાસી સુદર્શનભાઈ જગજીવનભાઈ પીઠડીયા - **રાજકોટ**.
હસ્તે : સવિતાબેન સુદર્શનભાઈ પીઠડીયા.

# ગૌશાળાની સેવા

## એક ગાયની સેવા ₹ ૧૫૦૦૦/- આપી ગોદાન કરનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી કાર્તિક અનિલકુમાર ભાવસાર - **બારડોલી**.
હસ્તે : રંજનબેન અનિલકુમાર ભાવસાર.

૨) ત્રિવેણીબેન વૃજલાલ ઉપાધ્યાય - **જામનગર**.
હસ્તે : જયશ્રીબેન ઉપાધ્યાય.

૩) પરમધામવાસી સુદર્શનભાઈ જગજીવનભાઈ પીઠડીયા - **રાજકોટ.**
હસ્તે : સવિતાબેન સુદર્શનભાઈ પીઠડીયા.

## ઘાસચારો, કપાસિયા, ભૂસો, ખોળ અને લાડુની સેવા આપનાર સુંદરસાથ

₹ ૧૮૧૫૦/- સુજીતભાઈ ભીમજીભાઈ ભંડેરી - **જામનગર.**

₹ ૧૧૦૦૦/- શ્રી સંજય કપિલ ડી.

₹ ૧૦૦૦૦/- ધીરૂભાઈ નારણભાઈ રૂપારેલિયા - **રાજકોટ.**

₹ ૫૧૦૦/- પરમધામવાસી હેમકુંવરબેન પ્રાણજીવનભાઈ જોબનપુત્રા - **રાજકોટ.**
હસ્તે : મનસુખભાઈ પ્રાણજીવનભાઈ જોબનપુત્રા.

₹ ૨૫૦૦/- પરમધામવાસી જયાબેન પ્રફુલભાઈ વાઘેલા - **જાલીયા.**
હસ્તે : પ્રફુલભાઈ મોહનભાઈ વાઘેલા.

---

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવા

**નાની વાવડી :** પરમધામવાસી ટીડાભાઈ ગોરધનભાઈ બૂમતારીયાની પાછળ માળા પહેરામણી કરી હતી તે નિમિત્તે પત્રિકાની સાહિત્ય સેવામાં ₹ ૨૫૦૧/ ભેટ મળી છે. હસ્તે : બૂમતારીયા સહ-પરિવાર.

**ચાડિયા :** ચિ. કૃષ્ણાબેન મનોજભાઈ લથિયાના શુભલગ્ન પ્રસંગે ₹ ૫૦૧/ ભેટ પ્રાપ્ત થયા છે. હસ્તે : કિરીટભાઈ જિજ્ઞેશભાઈ મકાની અને કૃષ્ણાબેન મનોજભાઈ લથિયા. બન્ને નવદંપતિને હાર્દિક શુભેચ્છાઓ.

**ચિખલોદરા :** શ્રી ભરતભાઈ હમીરભાઈ ભેટારીયાને ત્યાં તારીખ ૨૬/૦૨/૨૦૨૧ ના રોજ પુત્રરત્ન પ્રાપ્ત થયેલ છે. તે ખુશી પ્રસંગે પત્રિકાની સાહિત્ય સેવામાં ₹ ૫૦૧/ ભેટ મળી છે.

**ઉપરોક્ત સર્વે સુંદરસાથજીને ધન્યવાદ. આપ સર્વે પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને આપની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ તેમજ આચાર્ય શ્રી૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તરફથી હાર્દિક શુભકામના.**

**(પરમધામ ગમનની સેવા પેજ નંબર ૨૩ મા)**










**प्रणामी ग्लोबल स्कूलमें कोरोना वेक्सीनेशनका कार्यक्रम**
**(दिनांक - ०१/०५/२०२१ )**

**RNI NO. GUJBIL/2006/18311, Postal Reg.No.Jam/GJN-1/2020-21**
Validity : Upto 31-12-2023, Date of Publication : 10th of Every Month, Date of Posting : 16th of Every Month
**Subscription : Annual Rs.150/-, 15 Years Rs.1500/-, No. of Pages : 36**







पटेल समाज जामनगर द्वारा संचालित कोविड केयर सेन्टर का उद्घाटन











श्री १०८ पारायण सेवा-श्री बाईजीराज महिलामंडल श्री 5 नवतनपुरी धाम